# BOOKFAIR BULLETIN

12/1/2024

DAY 7

9th Vibrant AMDAVAD NATIONAL BOOK FAIR
6th to 12th Jan. 2024
GMDC GROUND

# જ્યારે માતા પુસ્તકો ખોલે છે, ત્યારે બાળકના મનના દ્વાર ખુલે છે.



નેશનલ બુકફેરનો આજે સપ્તમો એટલે છેલ્લો દિવસ, ઇન્દ્રધનુષ સમાં નેશનલ બુકફેરે સાતે દિવસ સપ્તરંગો વર્ષાવી બાળકો, સાહિત્યકારો અને પુસ્તકપ્રેમીઓને શબ્દોનાં રંગોમાં રંગી દીધા હતા. આ છેલ્લા દિવસને માણવા અને સાહિત્યનાં ર ંગે રંગાવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યાં હતા. આજે કુલ મુલાકાતીઓની સંખ્યા 42,000થી પણ વધારે નોંધાય છે. નેશનલ બુકફેરની મુલાકાત લેનાર લોકો દ્વારા પુસ્તક પરબમાં કલૂ અંદાજિત 458 જટે લા પુસ્તકો ડોનેટ કર્યા જ્યારે 952થી પણ વધુ પુસ્તકો લોકો લઈ ગયા.

એક મમ્મી પોતાના બાળકોને સતત બે દિવસ બુકફેરમાં લાવીને રૂ. ૧૫૦૦૦/-ના પુસ્તકોની ખરીદી કરી આપી હતી તેમજ કેટલાંક પુસ્તકો અવેલેબલ નહોતા તો પબ્લિશર્સને તે કરિયર કરવા કહ્યું હતું.

એક દ્રશ્ય જેદિવસ દરમિયાન સતત જોવા મળતું હતું તે બંને હાથમાં ખરીદેલા પુસ્તક ભેલા થેલા લઈને જતા અસંખ્ય લોકો.







જ્ઞાનગંગા અંતર્ગત 'મારા જીવન ઘડતરમાં પુસ્તકનું મહત્વ'માં રમેશ તન્નાએ કાર્યક્રમની શરૂઆત કરતાં જણાવ્યું હતું કે, "રહેવા જેવું અને જીવવા જેવું અમદાવાદ બનાવવાની જવાબદારી AMC એ લીધી છેતેવું લાગે છે." પુસ્તકો વિશે વાત કરતાં કહ્યું, "AI ગમે તેટલું સારું હોય પણ સંવેદના તેના દ્વારા ન મેળવી શકાય સંવેદના મેળવવા તો પુસ્તકો જ વાંચવા પડે."

જયેશભાઈ ત્રિવેદી જયેશભાઈ ત્રિવેદી, માન. ચેરમેનશ્રી રિક્રીએશન અને કલ્ચર કમિટી (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન)એ જણાવ્યું કે, "મારા જીવન ઘડતરમાં પુસ્તકનું મહત્ત્વ ખુબ વધારે છે તેમણે ધ્રુવ ભટ્ટનું પુસ્તક 'સમુદ્રાન્તિકે', નરેન્દ્ર મોદીનું 'સંઘર્ષમાં ગુજરાત', કમૂી કપૂરનું 'THE EMERGENCY' તેમજ એસ. એલ. ભૈરપ્પાનું 'આવરણ' આવા પુસ્તકોએ તેમનાં જીવનઘડતરમાં મદદરૂપ બની. એફ. ડી. સ્કલૂના પૂર્વ આચાર્યશ્રી ગેણા મોહમ્મદ હુસેનએ પણ તેમના જીવનમાં મહત્વ ધરાવતા બે પુસ્તક જમે ાં 1. વિલિયમ ગ્લાસરનું 'Schools Without Failure' અને 2. ઇવાન ઇલિચનું 'Deschooling' Society' પુસ્તકની વાત કરી હતી. તેમજ પોતાનાં વિદ્યાર્થીઓ સાથે પોતે કરે લાં અલગ-અલગ વાંચનના પ્રયોગો વિશે ચર્ચા કરી હતી.

હાસ્યલેખિકા ડૉ. નલીની ગણાત્રાએ જણાવ્યું હતું કે, 'હું વાલિયામાંથી વાલ્મીકિ થઈ હોઉં તો એનું કારણ માત્ર પુસ્તક છે. કેવલ અજ્ઞાનથી કેવલ જ્ઞાન સુધી પહોંચવાનું કારણ પણ માત્રને માત્ર પુસ્તક છે.' તેમણે એ પણ જણાવ્યું કે, 'હું મારા સંવેદનશીલ વાંચનને લેખકમાંથી કવિ પણ બનાવી છે.

અંતે જાણીતા લેખક-વિવેચક સંજય ભાવેએ પોતાના જીવનમાં સાહિત્ય, પુસ્તકો અને વાંચન વિશેના મહત્ત્વ વિશે વાત કરી લોકોને વાંચન વિશે પ્રેરણા આપી હતી. તેમણે કહ્યું કે'હું સદનસીબ છુંકે, મારું રોટલાનું સાધન પુસ્તકો છે.



દાદા દાદીનો ઓટલો અને માતૃભાષા અભિયાન- વાંચન શિબિરનું આયોજન થયું હતું, જેમાં આજના મોબાઇલ અને વોટ્સએપના યુગમાં નવી પેઢીના બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન અભિનય વાર્તાનાં માધ્યમથી થાય એવો એક પ્રેરણાદાયી કાર્યક્રમ દાદા-દાદીનો ઓટલો કરી રહ્યું છેદાદા દાદીનોઓટલો કાર્યક્રમમાં વકતા પ્રશાંત રાવલ દ્વારા અભિનય ગીતો અને વાર્તાકથન, વકતા આશા ભટ્ટ દ્વારા બાળ રામાયણ અને પપેટગીત તથા ડૉ. અરવિંદ ભાંડારી દ્વારા વાર્તા પૂર્તિ જવ ે ા. કાર્યક્રમોથી બાળકોને જ્ઞાન સાથે ગમત કરાવી હતી.



'સાહિત્ય મને ગમે છે' કાર્યક્રમ યોજાયો હતો જેમાં પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ, જય વસાવડા, વિનોદ જોશી, અંકિત ત્રિવેદીએ તેમની સાહિત્ય સફરની વાતો કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન જયેશ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

અંકિત ત્રિવેદીએ 'સાહિત્ય મને ગમે છે' કાર્યક્રમમાં પુસ્તક વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, પુસ્તક આપણને પસ્તી થતાં બચાવે છે.' ઉપરાંત તેમને સાહિત્ય શા માટેગમે છે, તેનાં કારણમાં પહેલાંના લેખકોને યાદ કરી તેમણે મેઘાણીનું સાહિત્ય અને ફાધર વાલેસનાં લખેલા નિબંધોનું ઉદાહરણ આપ્યું હતું, ઉપરાંત લોકોને હાસ્ય પીરસી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમણે શાહબુદ્દીન રાઠોડને સંબોધીને કહ્યું, 'સ્ટેજ પર હાસ્યનો હિમાલય બેઠો હોય તેવી પ્રતિતી થાય છે.



કવિ વિનોદ જોશીએ જણાવ્યું કે, 'ઉત્તમ કવિ શબ્દનું ઉર્ધ્વીકરણ કરે છે, તેવા કવિની વાતો સાંભળીને આપણે કહી શકીએ છીએ ક સાહિત્ય મને ગમે છે.' એમણે એ પણ કહ્યું કે 'મને ગુજરાતી ફિલ્મો ખુબ જ જોવી ગમે છે, અને ગુજરાતી ફિલ્મ જોવી એ એક ગુજરાતી તરીકે આપણી જવાબદારી છે.

શાહબુદ્દીનભાઈ રાઠોડે સમગ્ર પ્રેક્ષકોને હાસ્યનાં હિંડોળે ઝુલાવતા બધાં લોકોએ તાળીઓનાં ગળગળાટથી વધાવી લીધા હતા. શાહબુદ્દીન રાઠોડે લોકોને હાસ્યની સાથે શાયરી, કવિતા અને પોતાનાં જીવનનાં અનેક રોમાંચક પ્રસંગોની પણ વાત કરી હતા. તેમણે છેલ્લે લોકોને સંદેશો આપતાં કહ્યું કે'જીવનમાં ક્યાં અટકવું એ આવડી જાય તો જીવન ધન્ય બની જાય.'

જય વસાવડાએ જણાવ્યું હતું કે 'મારા-માતા પિતાને એક જ ભાવ હતો કે મારો પુત્ર ભાવક થવો જોઈએ, સાહિત્ય લખે નહિ તો ચાલશે પરંતુ ભાવને સમજી શકવો જોઈએ.' તેમણે નવમા વાઇબ્રન્ટ અમદાવાદ નેશનલ બુક ફેરને સંબોધતા જણાવ્યું હતું કે 'પુસ્તક મેળો નથી આ મસ્તક મેળો છે.ભારત એક જ દેશ એવો છે જ્યાં ધર્મને પણ સાહિત્યથી રજૂ કરવામાં આવ્યું છે, અહીં એક પણ એવો ગ્રંથ નથી જેછંદબધ ન હોય.'

પોતાની વાતમાં જય વસાવડાએ જીવન જીવવાની કળા અને જીવનમાં સાહિત્યના મહિમા વિશે ચર્ચા કરી હતી.



સ્થળ: GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ